વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રી (આરોગ્ય) નુ ધ્યાન દોરતી માનનીય સભ્યશ્રી કિરીટકુમાર પટેલ (માનનીય સભ્યશ્રી ગેનીબેન ઠાકોર, દિનેશભાઇ ઠાકોર અને અલ્પેશ ઠાકોર) ની સૂચના એટલે કેઃ-

**"તાજેતરમાં પાટણ જિલ્લાના રાધનપુરમાં આવેલ માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન માટે દાખલ થયેલ દર્દીઓના ઓપરેશન બાદ ૭ જેટલા દર્દીઓને અંધાપાની અસર થઇ છે. તેના કારણે ઓપરેશન માટે દાખલ થયેલ તમામ દર્દીઓ અને તેઓના પરિવારજનોમાં હોસ્પિટલ તંત્ર સામે રોષ અને ભયની લાગણી ફેલાયેલ છે, તે દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલા પગલાંઓ."**

---

માનનીય મંત્રીશ્રી (આરોગ્ય) નુ નિવેદન, તા.૧૯/૨/૨૦૨૪

---

**રાધનપુરની આંખની હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ દર્દીઓમાં અંધાપાની અસરઃ-**

નિયામકશ્રી, એમ. એન્ડ જે. આઇ. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલ્મોલોજી, અમદાવાદ દ્વારા તા.૦૬/૦૨/૨૦૨૪ ઇ-મેઇલ મેસેજથી તેમની સંસ્થા ખાતે હિનાબેન ઠકકર ઉંમર વર્ષ ૪૫ આંખમા ઝાંખપ, લાલાશ અને પાણી પડવાની તકલીફ સાથે એમ એન્ડ જે આઇ હોસ્પિટલ ખાતે દાખલ થયેલ હોવાનું તથા ઉપરોકત દર્દીનુ મોતિયાનુ ઓપરેશન તા.૦૨/૦૨/૨૦૨૪ના રોજ સર્વોદય હોસ્પિટલ, રાધનપુર જી.પાટણ ખાતે કરવામા આવેલ હોવાનું જણાવવામાં આવેલ.

**આરોગ્ય વિભાગ દ્વારા લેવામા આવેલ તાત્કાલિક પગલાની વિગતો નીચે મુજબ છે.**

ઉપરોક્ત ઘટનાની જાણ થતા અધિક નિયામકશ્રી (જાહેર આરોગ્ય), ગાંધીનગર દ્વારા મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી પાટણના અધ્યક્ષ સ્થાને, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી-પાટણ, પ્રોગ્રામ ઓફિસર સહ નેત્રસર્જન જનરલ હોસ્પિટલ-પાટણ તથા તાલુકા હેલ્થ ઓફિસર-રાધનપુરની એક ટીમને તા.૬/૨/૨૦૨૪ ના રોજ તાત્કાલિક ઉપરોકત સંસ્થા ખાતે ઘટનાની વિગતો મેળવવા માટે મોકલી આપવામાં આવેલ.

**તબીબોની ટીમના અહેવાલની વિગતો નીચે મુજબ છે.**

- તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલ, રાધનપુર જી.પાટણ ખાતે કુલ-૧૩ દર્દીઓના મોતિયાના ઓપરેશન ડૉ.સોનાલી પટેલ દ્વારા કરવામા આવેલ હતા. જે પૈકી એક દર્દીને મોતિયાના ઓપરેશન કરેલ આંખમા ચેપની ગંભીર અસર જણાતા સર્વોદય હોસ્પિટલ, રાધનપુર, જી.પાટણ દ્વારા તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ વધુ સારવાર માટે એમ. એન્ડ જે. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલ્મોલોજી, અમદાવાદ ખાતે રીફર કરવામા આવેલ.

- અન્ય ૧૨ દર્દીઓને સંસ્થા દ્વારા વધુ તપાસ તથા સારવાર અર્થે જયોતિ હોસ્પિટલ – વિસનગર ખાતે લઈ જવામા આવેલ. જ્યાં રેટીના સર્જન ડૉ.જય દ્વારા ૬ દર્દીઓને આંખમાં ચેપની કે અન્ય કોઈ તકલીફ નહિ હોવાનુ જણાવવામાં આવેલ.

- જ્યારે અન્ય ૬ દર્દીઓને આંખમા ચેપની અસર જણાતા ઇન્જેકશન તથા અન્ય જરૂરી સારવાર આપવા માટે સલાહ આપવામા આવેલ. ૬ પૈકી ૩ દર્દીઓએ આ સારવાર માટે અસહમતી દર્શાવેલ હતી જયારે અન્ય ૩ દર્દીઓને ડૉ.જય દ્વારા આંખમા ઇન્ટ્રાવિટ્રીયલ ઇન્જેકશન અને વિક્રેટ્રોમી ની સારવાર કરવામા આવેલ.

- તા.૨૫/૧/૨૦૨૪ થી તા.૫/૨/૨૦૨૪ દરમિયાન સંસ્થા ખાતે કુલ ૪૭ દર્દીઓના આંખના ઓપરેશન કરવામા આવેલ છે

- ઉપરોકત સંસ્થા અધિક નિયામકશ્રી, તબીબ સેવાઓ અંતર્ગત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા તરીકે રજીસ્ટર થયેલ સંસ્થા છે. અધિક નિયામકશ્રી (જાહેર આરોગ્ય) દ્વારા માણેકલાલ નાથાલાલ વખારીયા સર્વોદય આંખની હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટને તાત્કાલિક અસરથી તકેદારીના ભાગરૂપે આંખ વિભાગનું ઓપરેશન થિયેટર બંધ કરવાની સૂચના આપવામાં આવેલ. જેની અમલવારી મુખ્ય જિલ્લા તબીબી અધિકારીની ટીમ દ્વારા રૂબરૂમા કરવામા આવેલ છે.

- ઉકત ધટનાની વિસ્તૃત તપાસ કરવા માટે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-પાટણના અધ્યક્ષપણા હેઠળની, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી-પાટણ, એમ. એન્ડ જે. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતેના રેટીના સ્પેશિયાલીસ્ટ, આસીસ્ટન્ટ પ્રોફેસર, માઇક્રોબાયોલોજીસ્ટ, ઓપરેશન થીયેટર ઇન્ચાર્જ નર્સીંગ સ્ટાફ અને પ્રોગ્રામ ઓફિસર-સહ-નેત્ર સર્જન, જનરલ હોસ્પિટલ, પાટણ, એમ ૯ સભ્યોની બનેલી એક સમિતિની રચના કરીને તા ૭/૨/૨૦૨૪ના રોજ સંસ્થાની મુલાકાત લઇ ઇન્ફેકશન આઉટબ્રેક પોલીસી મુજબ વધુ કાર્યવાહી કરવાની સૂચનાઓ આપવામાં આવેલ.

- સદર ટીમના નિષ્ણાંતો ધ્વારા તા.૦૭/૦૨/૨૦૨૪ના રોજ સંસ્થા ખાતે તા.૦૨/૦૨/૨૦૨૪ ના રોજ કુલ - ૧૩ દર્દીઓ પૈકી, ૧૨ દર્દીઓની આંખોની તપાસ કરવામા આવેલ. જે પૈકી ૬ દર્દીઓને આંખમાં ચેપની કે અન્ય કોઈ તકલીફ જણાયેલ નહોતી. અન્ય ૬ દર્દીઓની તપાસમાં આંખમા ચેપની અસર હોવાનુ જણાયેલ. દરેક દર્દીની તપાસ કરીને તેમને તથા દર્દીના સગાને ચેપની અસર, તેના લક્ષણો તથા જરૂરી સારવાર અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

- તમામ ૬ દર્દીઓને વધુ સારવાર અર્થે તાત્કાલિક એમ. એન્ડ જે. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતે દાખલ થવાની સલાહ આપવામા આવેલ. જે પૈકી, ૪ દર્દીઓએ આ માટે સહમતિ આપતા તાત્કાલીક સરકારી વાહનમાં એમ. એન્ડ જે. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતે દાખલ કરીને સારવાર શરૂ કરવામા આવેલ છે. અન્ય ૨ દર્દીઓએ એમ. એન્ડ જે. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતે વધુ સારવાર માટે દાખલ થવાની અસહમતિ દર્શાવેલ છે. તેમને વધુ સારવાર અર્થે દાખલ થવા માટે સમજાવવાના પ્રયત્નો પાટણ આરોગ્યની ટીમ દ્વારા કરવામાં આવેલ, પરંતુ તેઓ સંમત થયેલ નથી.

- નિયામકશ્રી, એમ. એન્ડ જે. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ દ્વારા તેમની સંસ્થા ખાતે દાખલ થયેલ ૦૫ દર્દીઓ પૈકી ૦૨ દર્દીઓની આંખમાં ચેપની ગંભીર અસર તથા ૦3 દર્દીઓમાં આંશીક અસર હોવાનું તારીખ ૦૯/૦૨/૨૦૨૪ થી જણાવેલ છે. તમામ ૫ દર્દીઓને નિષ્ણાતો દ્વારા ઉચ્ચ કક્ષાની સારવાર પૂરી પાડવામા આવી રહેલ છે.

- આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીના ભાગરૂપે ઉપરોકત દર્દીઓ સિવાયના તા.૨૫/૦૧/૨૦૨૪ થી તા.૦૧/૦૨/૨૦૨૪ દરમિયાન સંસ્થા ખાતે કરાયેલ ઓપરેશનના કુલ ૩૪ દર્દીઓની આંખોની તપાસ કરાવવામા આવી રહેલ છે. ૩૪ પૈકી ના ૨૫ દર્દીઓની આંખોની તપાસ પૂર્ણ કરવામાં આવેલ છે અને તે તમામ દર્દીઓની આંખની કન્ડીશન સારી હોવાનુ માલૂમ પડેલ છે. ૦૩ દર્દીઓએ તેમની આંખ સારી હોઈ તપાસ કરાવવાની ના પાડેલ છે. ૦૬ દર્દીઓનો સંપર્ક કરીને તપાસ માટે લાવવાની કાર્યવાહી હાલ ચાલી રહેલ છે.

આમ, બનેલ ઘટના રાજ્ય સરકારની હોસ્પીટલમાં નહિ પરંતુ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલમાં બનેલ છે. આમ છતાં રાજય સરકાર ધ્વારા ઇન્ફેક્શનનો ભોગ બનેલા દર્દીઓને તાત્કાલિક ધોરણે રાજ્યની એપેક્ષ હોસ્પિટલ એમ. એન્ડ જે. ઇન્સ્ટીટયુટ ઓફ ઓપ્થેલમોલોજી, અમદાવાદ ખાતે દાખલ કરાવી ઉચ્ચ કક્ષાની સારવાર પુરી પાડી તમામ સાવચેતીના પગલાં લેવામાં આવેલ છે. ટ્રસ્ટની હોસ્પિટલનું આંખ વિભાગનું ઓપરેશન થિયેટર તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવેલ છે. વધુમાં, સરકારશ્રી ધ્વારા આ બાબતે આવશ્યક તમામ પગલાં લેવામાં આવી રહેલ છે.

---------------------------------------------------------------------------